ક્રમાંક/ડીઆઈએસએચ/એફ-નકશા/૨૦૧૯/૯૮૫૫
ડાયરેકટર ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની કચેરી
શ્રમ ભવન ત્રીજો માળ ગન હાઉસની બાજુમાં
રૂસ્તમકામા માર્ગ ખાનપુર અમદાવાદ-૦૧
તા.૧૦/૭/૨૦૧૯

પ્રતિ,
કબ્જેદારશ્રી,
BHARUCH ENVIRO INFRASTRUCTURE LTD.
PLOT NO. 7905/E TO 7925/H, 7924 TO 7927, 940 TO G/6,
TO 9601 TO 9604, G/7, 10001 TO 10003, 9701 TO 9716,
9801 TO 9828, 9901 TO 9906 & 9923 TO 9928, GIDC
ANKLESHWAR, DIST. BHARUCH.

વિષયઃ- સને ૧૯૪૮ના કારખાનાના અધિનિયમ અન્વયે વિસ્તૃતીકરણ નકશા મંજુર કરવા અંગે.

મહાશય

ઉપરોકત વિષયના સંદર્ભના આપના કારખાનાના નકશાની નકલ- નકલો નીચેની શરતોને આધીન રહીને મંજુર કરી પરત કરવામાં આવે છે.

(૧) મકાન કે વિસ્તૃતિકરણનો કારખાના તરીકે ઉપયોગ કરતા પહેલા મંજૂર થયેલ નકશામાં બતાવેલ કારખાનાનું વિસ્તૃતિકરણનું બાંધકામ, પ્લાન્ટ તથા મશીનરી અંગે સ્ટ્રકચરલ એન્જીનીયરીંગનું કારખાનાની મજબુતાઇ ચકાસ્યા અંગેનું સ્ટેબિલીટી સર્ટીફિકેટ ગુજરાત કારખાનાના નિયમ-૧૯૬૩ના નિયમ-૩(ગ) હેઠળ નકકી કરેલ **નમૂના-૧(એ)**માં આપવું. સાથે બાંધકામની સ્ટ્રકચરલ ડીટેઇલ,ડીઝાઇન અને ડ્રોઇંગ રજુ કરવું. ઉપરાંત કારખાનાનું મકાન તેના ફ્લોર સહિત એક ચોરસમીટર ક્ષેત્રફળમાં કેટલુ વજન સહન કરી શકશે અને તેની સામે મુકવા ધારેલ વજન એક ચો.મી.માં કેટલું છે. ત્યાં કઇ રીતે બાંધકામ સલામત છે. તેની ગણતરી સહિતની વિગત **સ્ટેબિલીટી સર્ટીફિકેટ** સાથે રજુ કરવી.ઉપરાંત બાંધકામની તાકાત લેબોરેટરી ટેસ્ટ કરાવીને તેના પરિણામ સાથે ગણતરીને સરખાવીને રજુ કરી તે અંગેની જાણ **ડાયરેકટર ઓફ ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થશ્રીની (કારખાનાના મુખ્ય નિરીક્ષકશ્રી)** સ્વિકૃતિ મેળવવી.

(૨) નવું તથા વધારાનું બાંધકામ કરતા અગાઉ સ્થાનિક સત્તાવાળા જેવા કે નગરપાલિકા/નગરપંચાયત/જીલ્લા પંચાયત/ગ્રામ પંચાયત/જાહેર બાંધકામ ખાતું/જી.આઇ.ડી.સી વિગેરેની પાસેથી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૩) તમારા કરખાનામાંથી નીકળતા વ્યવસાયિક બગાડ જેવા કે, ગંદુ પાણી, ધુમાડો, ધૂળ કે ગેસ વિગેરેના નિકાલ અંગેની જળ વાયુ પ્રદૂષણ પાસેથી મંજુરી મેળવવી.

(૪) રીવાઇઝ્ડ/એક્ષ્ટેન્શન/ રીવાઇઝ્ડ વીથ એક્ષ્ટેન્શન કારખાના માટે નવું બાંધકામ હોય તો **BOCW CESS ACT** ની જોગવાઇ મુજબ બાંધકામની કુલ કિંમતના ૧ ટકા લેખે સેસની રકમ સેસ કલેકટર સમક્ષ જમા કરાવવાની રહેશે.

(૫) સક્ષમ અધિકારી દ્રારા મંજૂર કરેલ પ્લાન પ્રમાણે બાંધકામ કરવાનું રહેશે. તથા કારખાનામાં બતાવેલ ખુલ્લી રાખવાપાત્ર જગ્યાને ખુલ્લી જ રાખવાની રહેશે.

આપનો વિશ્વાસુ
P. M. Shah
ડાયરેકટર
ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ
ગુજરાત રાજય અમદાવાદ

ક્રમાંક/ડીઆઈએસએચ/એફ-નકશા/૨૦૧૯/૯૮૫૫
ડાયરેકટર ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની કચેરી
શ્રમ ભવન ત્રીજો માળ ગન હાઉસની બાજુમાં
રૂસ્તમકામા માર્ગ ખાનપુર અમદાવાદ-૦૧
તા.૧૦/૭/૨૦૧૯

નકલ રવાનાઃ-

આસી./ડેપ્યુટી ડાયરેકટરશ્રી, ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ, **BHARUCH** ને મંજુર થયેલ નકશાની નકલ દસ્તાવેજ સહિત જે તા;- 03/06/2019 ના પત્ર ક્રમાંક 959 થી મોકલેલ તે આ સાથે દસ્તાવેજ સહિત પરત કરેલ છે.

ડાયરેકટર
ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ
ગુજરાત રાજય અમદાવાદ